# ગેરીતા ગામના એક વ્યકિતને ઘરમાં ઘુસી છ યુવકોએ રહેંસી નાખ્યો

મહેસાણા, તા.૨૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગેરીતા ગામે પાંચથી છ જેટલા હથિયારધારી શખ્સોએ ગામના જ એક રાજપૂત જ્ઞાતિના વ્યકિતના ઘરમાં ઘુસી જઈને તેની પર જીવલેણ હૂમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા હોવાનો ચોંકાવનારો બનાવન બનતાં નાના ગામમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

જાણવા મળ્યા મુજબ વિજાપુર તાલુકાના ગેરીતા ગામે રહેતા મજૂરીયાત વર્ગના રાજપૂત જ્ઞાતિના રામાજી ચૌહાણ ઉ.વ. ૪૦ મોડી સાંજના સમયે પોતાના ઘરમાં બેઠા હતા ત્યારે અચાનક ગામના જ કહેવાતા એક જૂથના પાંચ થી છ હથિયારધારી શખ્સો ઘરમાં પ્રવેશ્યા હતા અને તીક્ષ્ણ હથિયાર વડે તેમની પર જીવલેણ હૂમલો કર્યો હતો. જેથી રામાજી ચૌહાણને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું. આ બનાવને પગલે ગામમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં વસાઈ પોલીસ ગેરીતા દોડી ગઈ હતી અને ગામમાં બીજો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જીવલેણ હૂમલા પાછળનું કારણ હજી જાણી શકાયું નથી.

આ બનાવ અંગે વસાઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાના આ બનાવમાં સંડોવાયેલ શખ્સોની હજી ધરપકડ થઈ નથી તેવું જાણવા મળેલ છે.



તલોદ-મજરા રોડ ઉપર આવેલ ખારી નદીના પુલના તલોદ તરફના છેડે લગાવેલ તલોદ પોલીસ સ્ટેશનની હદ દર્શાવતા બોર્ડની આ તસવીર છે...!! જે બોર્ડ કાટ ખાઈ જતાં એક તરફ લગભગ 'અવાચ્ય' બન્યું છે. તલોદ પોલીસ સ્ટેશનના ત્રણ ત્રણ પોલીસ સબ ઈન્સ્પેકટરોની અનુક્રમે બદલીઓ થવા પામી છે. પરંતુ માત્ર ૩ ફુટના આ બોર્ડની મરામત શકય બની નથી!! જે બોર્ડની પૂર્વ દિશાએ તલોદ પોલીસની હદ શરૂ થાય છે. જયારે પશ્ચિમ દિશાએ પ્રાંતિજ પોલીસની હદ શરૂ થાય છે. આમ બે પોલીસ સ્ટેશનની હદની સમજ આપતું આ બોર્ડ 'બેહદ' ખરાબ ભાસી રહ્યું છે. જેની યોગ્ય કાળજી લઈ મરામત કરવાની તાતી જરૂરત જણાઈ રહી છે. (તસવીર : દશરથ વણઝારા)

# ડીસામાં સાવકી મા અને પિતા દ્વારા બે બાળકીઓ પર અત્યાચાર

## બાળકીની માસી અને પડોશીઓએ પોલીસ મથકમાં ન્યાય અંગે રજૂઆત કરી

ડીસા, તા. ૨૧

પોતાની માતાના મૃત્યુ બાદ નવી કરેલી મા અને પિતાએ બે ફૂલ જેવી કુમળી દીકરીઓ પર અત્યાચાર ગુજરાતા તેની માસીના આશ્રયે રહેલી બાળાઓ સાથે રહિશો શહેર પોલીસમથકમાં આવી અત્યાચાર ગુજારનાર સાવકી માતા અને પિતા વિરૂદ્ધ રજૂઆત કરી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા શહેરના મોચી વાસમાં રહેતા હિતેશ પિતામ્બર પરમાર નામના યુવકના લગ્ન કેટલાક વર્ષ અગાઉ ચેતના નામની યુવતી સાથે થયાં લગ્નજીવન દરમિયાન તેમને કૃતિ અને પ્રિયાંશી નામની દીકરીઓ અવતરી હતી પરંતુ ચેતનાને કોઈ રોગ લાગુ પડતા ચાર વર્ષ પહેલા મોત થયું હતું એટલે હિતેશે દોઢ વર્ષ પહેલા થરાદની એક અન્ય યુવતી સાથે બીજા લગ્ન કર્યા હતા પરંતુ બન્ને દીકરીઓને સુખ આપવાને બદલે પતિ પત્નીએ અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યું હતું. સાવકી મા અને પિતા આ ફૂલ જેવી બાળકીઓને ગરમ ડામ આપતા હતા. આખરે આ ઘટનાની જાણ થતા બાળકીઓની માસીએ પોતાને ત્યાં રાખી હતી. છેલ્લા કેટલાક સમયથી આ બન્ને બાળકીઓ માસીને ઘરે હતી. બાદમાં તેમણે ફરી હિતેશને ત્યાં મોકલાતા હિતેશ અને તેની પત્નીએ ફરી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આથી આજુબાજુના રહીશો તેમજ માસીએ ભેગા થઈ બન્ને દુખિયારી બાળકીઓને ડીસા શહેર પોલીસમથક ખાતે લઈ આવ્યા હતા અને તેમના મા-બાપને સબક શીખવવાની ઉગ્ર માંગણી કરી હતી.

# ડીસામાં માળી સમાજ શૈક્ષણિક મહા સંમેલન અને શાળાનું ખાતમુહૂર્ત યોજાયું

ડીસા, તા. ૨૧

ડીસા કાંટ રોડ પર આવેલ ગોરધનજી ગીગાજી માળી વિદ્યાસંકુલમાં યોજાયેલ માળી સમાજ શૈક્ષણિક મહાસંમેલન અને પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના ખાતમુહૂર્તના પ્રસંગે જિલ્લામાંથી ૨૦,૦૦૦ કરતાં વધારે સંખ્યામાં માળી સમાજના ભાઈ બહેનો ઉમટી સમાજની એકતા અને પ્રચંડ તાકાતના દર્શન કરાવ્યા હતા.

આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય અનિલભાઈ માળી, વિદ્યા સંકુલના પ્રમુખ બાબુલાલ માળી, સંત સુખદેવપુરી મહારાજ, છોગારામજી મહારાજ, મગનલાલ માળી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ કે.ટી. માળી, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અગ્રણીઓએ સમાજનું સંગઠન મજબુત બને, શિક્ષણ દ્વારા સમાજનો સર્વાંગી વિકાસ મજબુત બને, શિક્ષણ દ્વારા સમાજનો સર્વાંગી વિકાસ થાય અને માળી સમાજ અન્ય પ્રગતિશીલ સમાજોની સાથે કદમ મિલાવે તે માટે જાગ્યા ત્યારથી સવાર માની દૃઢ સંકલ્પ કરી સમાજને તમામ ક્ષેત્રે





મજબુત બનાવવા માટે હાંકલ કરવામાં આવી હતી.

વધુમાં જણાવ્યું હતું કે આ વિદ્યાસંકુલમાં ટુંક સમયમાં કરોડોના ખર્ચે પ્રાથમિક અને માધ્યમિક શાળા બનશે તેનો સમાજના બાળકો લાભ લેશે તો સમાજમાં શિક્ષણ થકી પરિવર્તનની હવા ફૂંકાશે. અહી આ વિદ્યાસંકુલમાં અભ્યાસ કરી યુવા પેઢી સમાજને નવી રાહ બતાવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર તમામ લોકો માટે પોપટલાલ નગાજી ગેહલોત દ્વારા ભોજનની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. જ્યારે મંડપનો તમામ ખર્ચ પ્રહલાદકુમાર કસ્તુરજી માળીએ ઉઠાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઈ માળી અને સંજય બાબુલાલ માળીએ કર્યું હતું.

# ધનસુરા ડેપોમાં સુવિધાને નામે મીંડુ

ધનસુરા, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં સૌથી મોટા કંટ્રોલ પોઈન્ટ તેવા ધનસુરા એસ.ટી.મથકે રાજસ્થાન, મોડાસા અને બાયડ ડેપોની લગભગ ૨૦૦ થી વધુ બસોની અવર-જવર હોવા છતાં એસ.ટી. મથક પ્રાથમિક સુવિધાથી વંચિત છે અને પ્રજાને ભારે હાલાકી ભોગવવી પડે છે. ધનસુરા ડેપોનો પણ વિકાસ થાય તેમ તાલુકાનાગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના બાયડ મોડાસા ડેપોનો વિકાસ થયો છે. તેની સામે ધનસુરા ડેપોનો વિકાસ થયો નથી. ધનસુરા તાલુકા જાણે છેવાડાનું ગામડુ હોય તેમ ઓરમાયું વર્તન રાખવામાં આવે છે. વિકાસથી વંચિત ડેપોને નવીનકરણ કરી વિવિધ પોઈન્ટ મુકી ડેપોનો વિકાસ કરવામાં આવે તેવી પ્રજાજનોની ઈચ્છી રહ્યા છે તેમજ અપુરતી બસ ફાળવણીના કારણે વિદ્યાર્થીઓને સ્કૂલે આવન-જાવનમાં તકલીફ પડે. ખીચોખીચ ભરેલી બસમાંથી વિદ્યાર્થી નીચે પડવાથી ઈજાઓ પણ પહોચેલીના બનાવો બન્યા છે.

# ઈટાદરા ગામમાં ગંદકી અને સફાઈના મુદ્દે મીંડું : ગ્રામજનો આક્રમક મુડમાં

માણસા, તા.૨૧

માણસા પાસેના ઈટાદરા ગામમાં તાજેતરમાં ચિકનગુનિયાના રોગના કેસો નોંધાયા હતા પરંતુ ત્યારબાદ પણ ગામમાંથી હજુ પણ ગંદકી અને કાદવ કિચડ દુર કરવામાં આવ્યા નથી જે બાબતે સમગ્ર ગ્રામજનોએ સંબંધિત તંત્રને આવેદન પત્ર આપી ગામમાં સફાઈને લગતી કામગીરી કરવા જાણ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા તાલુકાના ઈટાદરા ગામમાં થોડા દિવસો અગાઉ ચિકનગુનિયાએ માથું ઉંચક્યું હતું અને ગામમાં ઘેર ઘેર દર્દીઓ માંદગીના બિછાને પડયા હતા. આમ છતાં હાલની સ્થિતિએ અહીં પંચાયત કે આરોગ્ય વિભાગ દ્વારા સફાઈ અને ગંદકી બાબતે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ગામમાં આવેલ જુના બસ સ્ટેન્ડ પાસે રામદેવ પીરના મંદિરની બાજુમાં ગંદા પાણીની કેનાલ ગયા વર્ષે બંધ કરવામાં આવી હતી. આ કેનાલનું કામ પુરું થયેલ ન હોવાથી અહીં પાણીનો ભરાવો થતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ ઉપરાંત તંત્ર દ્વારા આવી પરિસ્થિતિમાં કોઈ પણ જગ્યાએ દવાનો છંટકાવ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત વરસાદને કારણે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાતા કાદવ કિચડના થર જામ્યા છે ત્યારે આ તકલીફો આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક દુર કરી ગામમાં ફરી રોગચાળો ફાટી ન નીકળે તે માટે પગલાં ભરવા ગ્રામજનોએ માંગ કરી છે.

# ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પંથકમાં અસામાજીક તત્વોએ માઝા મુકી

ખેડબ્રહ્મા, તા. ૨૧

લાંબડીયા, કોટડા, ખેરોજ, દેલવાડા, સહીતના ગામોમાં ચાલતા કતલખાના સાથે બેફામ દેશીદારૂની હાટડીઓ ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પોલીસ હદ વિસ્તારની પોલીસતંત્રની રહેમ નજર હેઠળ ધમધમી રહેલા ગોરખધંધા સામે પોલીસ મૂક નઝરે નઝારો જોઈ રહી છે. બેફામ જીપોમાં પેસેન્જરોની હેરાફેરીથી વધતી જતી અકસ્માતના બનાવો છતા પણ તંત્ર પોતાની આળશ ખંખેરતુ ન હોઈ પ્રજાની અંદર જન આક્રોશ ફાટી નીકળ્યો છે. નિષ્ક્રિય પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા અને તેમના વહીવટદાર નિષ્ક્રિય હોઈ જાબાંઝ અને ખંતીલા પી.એસ.આઈ.ની પ્રજાની માંગ ઉઠવા પામી છે ત્યારે ખૂદ સા.કાં. જિલ્લામાં ગૃહમંત્રી હોવા છતાં પ્રફુલભાઈ પટેલના રાજયમાં આજે પ્રજા અને પોલીસ વચ્ચે અંતર વધુ રહ્યું છે. જિલ્લા પોલીસવડા ચિરાગ કનેરીયા ખેરોજ પંથકની મુલાકાત લે તેવી જનતાની માંગ છે. ખેરોજ પોલીસ ચોકી પાસેથી જ બેફામ જીપો ભરાતી હોવા છતાં તંત્રને દેખાતું નથી.

# આકોદરા ગામે નજીવી તકરારમાં મારામારી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના આકોદરા ખાતે ગામના જ ઈસમો સાથે એક પરિવારને થાંભલો રોપવાની બાબતે નજીવી તકરાર થતા માથાભારે ઈસમોએ પરિવારના સભ્યોને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરના આકોદરા ગામે ગતરોજ રાત્રે ૧ વાગ્યાના સુમારે રંગાજી મોહનજી, વજાજી બબાજી, વિમલજી પ્રતાપજીએ ફરિયાદી કેશવલાલ મોહનભાઈ પ્રજાપતિના પત્ની ભગવતીબેનને ગાળો બોલી ઘર આંગણે થાંભલા કેમ રોપો છઓ તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી હતી. આથી આ મામલો બિચક્યો હતો અને બન્ને વચ્ચે ઘર્ષણ ઉભું થયું હતું. જેમાં આ ત્રણ ઈસમોએ ભગવતી બહેનના માથાના ભાગે લાકડાની ઈસ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને તમામ સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ભગવતીબહેને હિંમતનગર ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આ તમામ ઈસમો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જે તપાસ કોદરભાઈ રત્નાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

# તલોદમાં પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી



(તસવીર : દશરથ વણઝારા)

તલોદ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે શ્વેતાંબર જૈન સંપ્રદાયના પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી ભારે ભકિતભાવ પૂર્વક અને શાનદાર રીતે સંપન્ન થઈ હતી. પ્રતિક્રમણ બાદ સૌએ એકબીજાને મિચ્છામિ દુક્કડમ પાઠવ્યા હતા. આજે ભગવાન અને તપસ્વીઓની એક શોભાયાત્રા તલોદ નગરમાં નીકળી હતી.

તલોદ ખાતે ચાલુ ચાલે આ પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી કલાપૂર્ણ સૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાધ્વીજી વિજયલલીતાશ્રીજી મ.સા.ના સાનિધ્યમાં ભકિત અને આનંદ સાથે સંપન્ન થઈ હતી. જેમાં રોજબરોજ ભગવાનશ્રી શાંતિનાથ દાદા સહિતના દેવોની પ્રતિમાઓને મનોહર આંગીથી સજાવવામાં આવી હતી. આંગીની કળાકૃતિમાં જીજ્ઞેશ સી. ભાવસારે પોતાની કલાનું યોગદાન આપ્યું હતું.

તલોદ નગર વિસ્તારમાં દિગંબર જૈન સંપ્રદાયના પણ સંખ્યાબંધ પરિવારો સ્થાયી થયેલા છે. આ દિ. જૈન સંપ્રદાયના પર્યુષણ પર્વનો ગત રોજથી શુભારંભ થઈ ચુકયો છે. બજાર મધ્યે આવેલ ભગવાનશ્રી આદિનાથ દિગંબર જૈન દેરાસર સહિતના અન્ય જૈન મંદિરમાં પણ શાસ્ત્રોકત પૂજા અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્વેતાંબર જૈન સંપ્રદાયના પર્યુષણ પર્વ દરમિયાન ૭ તપસ્વીઓએ અઠ્ઠાઈની અને ૧ તપસ્વીએ ૧૦ ઉપવાસની આરાધના કરી હતી.

# સાબરકાંઠાના આડા હાથરોલ મુકામે સ્કાઉટગાઈડ કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના આડા હાથરોલ ખાતે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘ સાબરકાંઠા દ્વારા શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે એક દિવસીય ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠાના ચીફ કમિશનર અતુલભાઈ દિક્ષિતના અધ્યક્ષસ્થાને માર્ગદર્શન હેઠળ સ્કાઉટ ગાઈડ રોવરનો કુલ ૧૨૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોના સહયોગથી આડા હાથરોલ ડુંગર ઉપર સ્કાઉષેગ કાર્યક્રમોનું વિશિષ્ટ આયોજન થયું હતું. જેમાં એન.જી. જોષી હાઈસ્કૂલના ૧૧ વિદ્યાર્થીઓએ પણ સ્કાઉટ માસ્ટર નાગરસિંહ વેચાતસિંહ રાઠોડના માર્ગદર્શન સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્કાઉષેગ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્ય રમેશભાઈ પટેલે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસકાંઠાના સરપંચ ત્રણ હજારની લાંચ લેતા ઝડપાયા

બનાસકાંઠા, તા. ૨૧


બનાસકાંઠા જિલ્લાના ભાટવર વાસગામના સરપંચ મધાભાઈ પ્રજાપતિએ ગામની વિધવા દીકરી પાસેથી સરદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય ફોર્મમાં સહી સિક્કા કરવા માટે રૂ. ૫ હજારની લાંચ માગી હતી. સવજીભાઈ રબારીની ફરિયાદના આધારે બનાસકાંઠા એ.સી.બી. પોલીસ સ્ટેશન પાલનપુરે લાંચના છટકામાં રૂ. ત્રણ હજારની લાંચ લેતા સરપંચ ઝડપાયા હતા. પાલનપુર પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાંથી મોટરસાયકલની ચોરી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે હરીઓમ સોસાયટી મહાવીરનગર વિસ્તારમાંથી ઘર આગળથી કોઈ ચોર ઈસમ મોટરસાયકલ ચોરી કરી લઈ ગયેલાની હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધ થઈ હતી.

નવ દિવસ અગાઉની રાત્રીના સમયે હિંમતનગરના હરીઓમ સોસાયટી મહાવીરનગર વિસ્તારમાં રહેતા ચિન્મયકુમાર દશરથભાઈ પટેલનું બજાજ કંપનીનું મોટરસાયકલ પલ્સર નં. જીજે-૯-એ.કે.-૩૭૭૧નું કિં. રૂ. ૩૫૦૦૦નું ઘર આગળ મુકેલ જે કોઈ ચોર ઈસમ ચોરી કરી લી ગયેલાનું હિંમતનગર ટાઉન પોલીસમથકે તા. ૨૦-૯-૧૨ના રોજ ચિન્મયકુમાર દશરથભાઈ પટેલ રહે. એ/૩૦ હરીઓમ સોસાયટી મહાવીરનગર, હિંમતનગરનાઓએ ફરીયાદ નોંધાઈ હતી. હિંમતનગર ટાઉન પો.સ.ઈ. આર.જી. વાઘેલાએ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેરના માણેક વિસ્તારમાં મારૂતિ સેવા મંડળ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ગણેશ સ્થાપના કરવામાં આવે છે. જેમાં આ વર્ષે સુરેશકુમાર વસ્તીમલ સોનીએ ભગવાનની ભવ્ય ૮ ફુટ ઊંચી મૂર્તિની સ્થાપના કરી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં-૩ સને ૨૦૧૨-૨૦૧૩
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સાથે રજીસ્ટર થયેલ ડી.ટી.એચ. રીંગ ધરાવતા ઠેકેદારો પાસેથી ઓનલાઈન પદ્ધતિથી અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, ઉજો માળ, જલભવન, ટાઉનહોલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન નં. ૯૯૭૮૪૦૪૧૧૩ થી ૧૫ની કચેરીએથી ઝોન-૨ અમદાવાદ હસ્તકના અમદાવાદ / મહેસાણા / બનાસકાંઠા / સાબરકાંઠા તથા ખેડા જિલ્લાઓમાં ૧૬૫ મી.મી. વ્યાસના બોર કરી તેના ઉપર હેન્ડ પંપ બેસાડી યુનિસેફ ડિઝાઈન મુજબ થાળુ ભરવાનું તથા ૨૦૦ મી. મી. વ્યાસના બોર શારકામના વાર્ષિક યુનિટ રેઈટ નક્કી કરવા ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦૦/- અને બાનાની રકમ રૂ. ૧,૦૦,૦૦૦/-. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૨૦૧૨, ૧૮-૦૦ કલાક રહેશે. ટેન્ડરની અન્ય વિગતો www.nprocure.com તથા www.statetenders.com વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર આઈ.ડી. નંબર ૯૭૧૦૮. ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વગર રદ કરવાનો હક બોર્ડ પાસે અબાધિત છે. હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવશે.
ક્રમાંક ના.માનિ/હિંમત/૩૪૬/૨૦૧૨

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮